રાજકોટ AIIMS નો લોગો જાહેર કરવામાં આવ્યો.

**E-COPY**
**(July-2021)**
**PART - 2**

# વર્તમાન પ્રવાહો

**: DATE :**
**16/07/2021 to 31/07/2021**

યુનેસ્કો દ્વારા રામપ્પા મંદિર અને ધોળાવીરાને વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર કર્યું



**DRDO દ્વારા આકાશ મિસાઈલનું સફળ પરીક્ષણ**




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

❖ **15 જુલાઈ, 2015 ને પ્રથમ 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં 'સ્કિલ ઈન્ડિયા મિશન' (Skill India Mission) લોન્ચ કરવામાં આવ્યું હતું, જેના તાજેતરમાં 6 વર્ષ પૂર્ણ થયા છે.**

→ આ મિશનને 'નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મિશન અંતર્ગત વર્ષ 2022 સુધીમાં ભારતમાં 40 કરોડથી વધુ યુવાઓ અથવા તો નાગરિકોને જુદી–જુદી સ્કિલની તાલીમ આપવાની સરકારની યોજના છે.

❖ **નાગરિક ઉડ્ડયન મંત્રાલયે (Ministry of Civil Avication)એ જાહેર પરામર્શ માટે પુનર્ગઠન 'ડ્રોન નિયમ 2021' બહાર પાડયો છે.**

→ આ ડ્રાફ્ટ નિયમો વિશ્વાસ, સ્વ–પ્રમાણપત્ર અને બિન–ઘુષણખોરી દેખરેખના આધારે બનાવવામાં આવ્યા હતા.

→ નવા નિયમો મુજબ, ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ પર ન્યૂનતમ માનવ ઈન્ટરફેસ હશે અને મોટાભાગની પરવાનગી આપમેળે બનાવવામાં આવશે. તે ભવિષ્યમાં 'નો પરમિશન–નો ટેકઓફ', રિઅલ ટાઈમ ટ્રેકિંગ બીકમ, જીઓ–ફેન્સિંગ વગેરે સુવિધાઓને પણ સૂચિત કરશે.

→ આ નિયમો હેઠળ ડ્રોન અને ઘટકોની આયાતને ડિરેકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા નિયંત્રિત કરવામાં આવશે. ડિરેકટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન તાલીમ આવશ્યકતાઓ નક્કી કરશે, ડ્રોન સ્કૂલની સંભાળ રાખશે અને ઓનલાઈન પાઈલટ લાઈસન્સ આપશે. બિન વ્યાપારિક ઉદ્યોગો, નેનો ડ્રોન તથા સંશોધન અને વિકાસ સંસ્થાઓના માઈક્રો ડ્રોન માટે પાઈલટ લાઈસન્સની જરૂર રહેશે નહીં.

→ ડ્રોન નિયમો, 2021 રેડ, ગ્રીન અને યલો ઝોન સાથે ઈન્ટરેકિટવ એરસ્પેસ નકશો પ્રદાન કરે છે. આ ઝોન ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ પર પ્રદર્શિત થશે.

(1) **રેડ ઝોન :** દેશમાં આવેલ જમીન અથવા જળ વિસ્તાર, કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલી ભારતની જળસીમાથી આગળની પોર્ટ લિમિટ અથવા કોઈપણ સંસ્થાની એરસ્પેસમાં અસામાન્ય સંજોગોમાં જ ડ્રોનના ઉડાનને મંજૂરી આપવામાં આવશે.

(2) **યલો ઝોન :** એરપોર્ટના પરિઘથી યલો ઝોનની લિમિટ 45 કિ.મી.થી ઘટાડીને 12 કિ.મી. કરવામાં આવી છે.

(3) **ગ્રીન ઝોન :** ગ્રીન ઝોનમાં 400 ફૂટની ઊંચાઈએ ડ્રોનના ઉડાન માટે કોઈ પરવાનગી લેવાની રહેશે નહીં. એરપોર્ટના પરિઘથી 8 થી 12 કિ.મી. વચ્ચેના વિસ્તારમાં 200 ફૂટની ઊંચાઈ સુધી ઉડાન માટે પરવાનગી લેવાની રહેશે નહીં.

❖ **તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં દેશદ્રોહના કાયદા પર પુર્નવિચારણા કરવા એક અરજી કરવામાં આવી જેની સુનવણી હાથ ધરવામાં આવી હતી.**

→ એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને ભારતીય સેનાના એક નિવૃત્ત મેજર જનરલ દ્વારા IPCની કલમ 124(A) અંગેની અરજી દાખલ કરી હતી.

→ આ અરજીની સુનાવણી કરતા ચીફ જસ્ટિસની બેન્ચે જણાવ્યું હતું કે આઝાદીના 75 વર્ષ પછી અંગ્રેજોના દેશદ્રોહ અંગેના કાયદાની શું જરૂર છે.

→ રાજદ્રોહનો ઉલ્લેખ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 124(A)માં કરવામાં આવ્યો છે.

❖ **તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારકતા મંત્રાલયે "Support for marginalized Individuals for Livelihood and Enterprise - SMILE" (આજીવિકા અને માર્જિનલાઈઝ્ડ વ્યકિતઓ માટે સપોર્ટ) નામની એક યોજના તૈયાર કરી છે.**

→ આ યોજના રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ સાથે ઉપલબ્ધ હાલના આશ્રય ઘરોના ઉપયોગ માટે ભિક્ષાવૃત્તિમાં રોકાયેલા વ્યકિતઓના પુર્નવસનની ખાતરી આપે છે.

→ આ યોજનાના કેન્દ્રમાં મોટા પ્રમાણમાં પુર્નવસન, તબીબી સુવિધાઓની જોગવાઈ, પરામર્શ, મૂળ દસ્તાવેજો, શિક્ષણ, કૌશલ્ય વિકાસ વગેરે છે.

❖ **તેલંગાણા રાજ્યના મુલુગુ જિલ્લાના પાલમપેટ ખાતે સ્થિત રૂદ્રેશ્વર (રામપ્પા) મંદિરને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સૂચિમાં શામેલ કરવામાં આવ્યું છે.**

→ 25 જુલાઈ, 2021 ના રોજ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીના 44મા અધિવેશનમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેની અધ્યક્ષતા ચીન દ્વારા કરવામાં આવી હતી.

→ રૂદ્રેશ્વર મંદિર કાકટીયા સામ્રાજ્યના શાસનકાળમાં ઈ.સ.1213માં બનાવવામાં આવ્યું હતું. આ મંદિર કાકટિયા રાજા ગણપતિ દેવના સેનાપતિ રેચર્લા રુદ્ર દ્વારા બનાવવામાં આવ્યું હતું. રામલિંગેશ્વર સ્વામી આ મંદિરના પ્રમુખ દેવતા છે.

❖ **યુનેસ્કો દ્વારા ઘોષિત કરાયેલા ભારતના 40માં વિશ્વ વિરાસત સ્થળોની યાદીમાં ગુજરાતના કચ્છ જિલ્લાના ધોળાવીરા શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે.**

→ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીનું હાલ 44મું સત્ર ચીન ખાતે ચાલી રહ્યું છે. જ્યાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

→ આ સાથે વર્લ્ડ હેરિટેજ સ્થળોની પ્રતિષ્ઠિત યાદીમાં ગુજરાતમા વિશ્વ વિરાસત સ્થળની સંખ્યા ચાર થઈ છે. અન્ય ત્રણ છે : પાવાગઢ નજીકનું ચાંપાનેર, પાટણની રાણીની વાવ અને અમદાવાદ ઐતિહાસિક શહેર. જ્યારે ભારતમાં આ સંખ્યા 40 થઈ ગઈ છે.

❖ **સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની ખંડપીઠે દેશની "સહકારી મંડળીઓ" ને લગતા બંધારણના 97 માં સુધારા અધિનિયમ અને ભાગ 9B ને ગેરબંધારણીય જાહેર કર્યો.**

→ બંધારણનો ભાગ 9B, નિવેશની શરતો, બોર્ડના સભ્યો અને તેના પદાધિકારીઓ અને સહકારી મંડળીઓના અસરકારક સંચાલન સાથે સંબંધિત છે.

❖ **તાજેતરમાં લોકસભામાં જેડીયુના એક સભ્ય અને ભાજપના ત્રણ સભ્યોએ ગૃહમાં વસ્તી નિયંત્રણ અંગેના ખાનગી સભ્યનું બિલ રજૂ કર્યું હતું.**

❖ **કેન્દ્ર સરકાર કોવીડ–19ને કારણે અનાથ બાળકોની નોંધણી માટે પોર્ટલ જાહેર કર્યું છે.**

→ કોવીડ–19 ને કારણે અનાથ થયેલ કોઈપણ બાળકની વિગતો સરકારને વેબ પોર્ટલ દ્વારા શેર કરી શકાય છે અને તે બાળકને 'P.M.Care યોજના' હેઠળ લાભ મળી શકે છે. આ માટે વિગતો http://www.pmcaresforchildren.in વેબસાઈટ દ્વારા અપલોડ કરી શકાય છે.

→ સરકારે આ પોર્ટલ દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે 15 જુલાઈ, 2021ના રોજ રજૂ કર્યું છે. આ પોર્ટલ દ્વારા, કોઈપણ નાગરિક જેઓ આ યોજના હેઠળ સહાય મેળવવા માટે પાત્ર છે તે બાળકો વિશે જાણ કરી શકે છે.

→ આ યોજના હેઠળ, દરેક બાળકને 18 વર્ષની ઉંમરે 10 લાખ રૂપિયાની રકમ આપવામાં આવશે. 18 વર્ષની વયના બાળકોને તેમના ઉચ્ચ શિક્ષણમાં મદદ કરવા માટે આગામી પાંચ વર્ષ માટે માસિક વાયદા આપવામાં આવશે.

❖ **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 24 જુલાઈ 2021 ના રોજ રાષ્ટ્રપતિની એસ્ટેટમાં SBIની નવી શાખાનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ SBI શાખાના પ્રથમ ગ્રાહક રાષ્ટ્રપતિ હશે. આ શાખા રાષ્ટ્રપતિ પરિસરના રહેવાસીઓને તમામ પ્રકારની બેન્કિંગ સેવાઓ પ્રદાન કરશે.

❖ **ભારત સરકારે જાહેરાત કરી છે કે તે એનિમેશન વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ માટે એક સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરશે.**

→ ભારતીય તેમજ વૈશ્વિક ઉદ્યોગને સેવા આપવા માટે દેશમાં વૈશ્વિક સ્તરે ટેલેન્ટ પૂલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

→ આ સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના IIT બોમ્બેના સહયોગથી કરવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે રાજ્યસભામાં આ જાહેરાત કરી. ફિલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને સત્યજીત રે ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થાએ આ ક્ષેત્રોમાં કુશળ માનવબળને ટેકો અને કુશળતા આપવાનાં લક્ષ્ય સાથે VFX (Visual Effects)અને એનિમેશન પરના અભ્યાસક્રમો પ્રસ્તુત કર્યા છે.

❖ **કેન્દ્ર સરકાર દ્વારા અયોધ્યાની આજુબાજુ "84 કોસ પરિક્રમા માર્ગ" ને રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.**

→ અયોધ્યામાં કરવામાં આવેલી ત્રણેય પરિક્રમા – 5 કોસ (લગભગ 15 કિમી), 14 કોસ (42 કિમી) અને 84 કોસ (આશરે 275 કિમી) ભગવાન રામ સાથે સંકળાયેલા છે.

→ "84 કોસ પરિક્રમા" એ આ કોસલદેશની આસપાસની સીમા છે. જે રામ રાજ્ય સાથે સંકળાયેલ તમામ મહત્વપૂર્ણ સ્થાનોમાંથી પસાર થાય છે.

❖ **તાજેતરમાં ભારતીય સંસદ દ્વારા 'જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) સુધારણા બિલ 2021' પસાર કર્યું.**

→ આ બિલ જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, 2015માં સુધારો કર્યો છે.

→ આ સુધારાઓની વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ સહિતના જિલ્લા મેજિસ્ટ્રેટને કેસોના ઝડપી નિકાલ અને જવાબદારીમાં વધારો કરવાના દત્તક લેવાના આદેશો આપવા માટે સત્તા આપવામાં આવી છે.

→ સુધારેલી જોગવાઈઓ મુજબ કોઈપણ બાળ સંભાળ સંસ્થાની નોંધણી જિલ્લા મેજિસ્ટ્રેટની ભલામણોને ધ્યાનમાં લીધા પછી જ કરવામાં આવશે.

→ જિલ્લા મેજિસ્ટ્રેટ હવે જિલ્લા બાળ સુરક્ષા એકમો, બાળ કલ્યાણ સમિતિઓ, જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ અને બાળ સંભાળ સંસ્થાઓની કામગીરીનું સ્વતંત્ર રીતે મૂલ્યાંકન કરી શકે છે.

→ CWC સભ્યોની નિમણૂંક માટેની પાત્રતાના માપદંડોને આ સુધારેલ બિલ હેઠળ નવી વ્યાખ્યા આપવામાં આવી છે. આ બિલનો ઉદ્દેશ અસુરક્ષિત બાળકોની સંભાળ અને સલામતીની જવાબદારી જિલ્લા મેજિસ્ટ્રેટને સોંપવી છે.

❖ **26 જુલાઈ, 2021 ના રોજ શિક્ષણ પ્રધાન શ્રી ધર્મેન્દ્ર પ્રધાને જાહેરાત કરી કે ભારત સરકાર National Research Foundation (NRF)ની સ્થાપના કરવાની યોજના બનાવી રહી છે.**

→ 5 વર્ષના ગાળામાં NRF માટે કુલ સૂચિત ખર્ચ તરીકે રૂ. 50,000 કરોડનું બજેટ જાહેર કરાયું છે.

→ નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (NRF) એ એક માળખું છે જેમાં ઉદ્યોગ, શિક્ષણ અને સંશોધનના વિકાસને જોડવામાં આવશે. NRFની સ્થાપનાના મુખ્ય ઉદ્દેશોમાં સંશોધન ક્ષમતા અને પરિણામો (સંસ્થાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ વગેરે)માં હાલમાં સંશોધન ક્ષમતા વિકસી રહી છે.

❖ **કેન્દ્રિય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને 25 જુલાઈ, 2021ના રોજ 'નદી કો જાણો' એપ્લિકેશન શરૂ કરી.**

→ એપ્લિકેશનનો હેતુ ભારતભરની નદીઓ વિશેની માહિતી એકઠી કરવાનો છે.

→ આ એપ્લિકેશન ભૌગોલિક સ્થાન, જળ સ્તર અને નદીઓનું પ્રદૂષણ સ્તર માહિતી એકત્રિત કરશે.

→ આ એપ્લિકેશન પર ભારતનો કોઈપણ વિદ્યાર્થી માહિતી અપલોડ કરી શકે છે.

## આંતરરાજ્ય

❖ **તાજેતરમાં ઉત્તર પ્રદેશની રાજ્ય સરકાર દ્વારા 'ઉત્તરપ્રદેશ વસતી (નિયંત્રણ,સ્થિરતા અને કલ્યાણ) અધિનિયમ, 2021' નામનું વસતી નિયંત્રણ બિલ પ્રસ્તાવિત કર્યું છે.**

→ આ બિલ રાજ્યમાં વસતીને નિયંત્રિત કરવા અને રાજ્યના કલ્યાણ માટે લાવવામાં આવ્યું છે.

→ આ નવી નીતિમાં વસતી નિયંત્રણમાં મદદ કરનારાઓને પ્રોત્સાહન આપવાની પણ જોગવાઈ છે.

→ બે બાળકથી વધુ ધરાવનાર વ્યક્તિઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી લડી શકાશે નહીં તેમજ સરકારી નોકરી મેળવવા માટે અરજી કરી શકશે નહીં અને સરકારી કર્મચારીઓને નોકરીમાં પ્રમોશન અપાશે નહીં તેમજ સરકારી યોજનાઓ અને કોઈપણ સબસિડી મળવાપાત્ર રહેશે નહીં.

→ મહત્તમ બે બાળકની નીતિ અપનાવનાર વ્યક્તિને સરકારી કર્મચારીને તેની નોકરીના સમયગાળામાં બે વધારાનાં ઈન્ક્રિમેન્ટ મળશે. 12 મહિનાની મેટરનિટી અથવા પેટરનિટી લીવનો સંપૂર્ણ પગાર ભથ્થા સાથે ચૂકવાશે. પાણી, વીજળી, હાઉસ ટેક્સમાં રાહત, હોમ સહિતની લોનમાં છૂટ અપાશે. નેશનલ પેન્શન સ્કીમ અંતર્ગત ઈ.સી.એફ.માં 3 ટકાનો વધારો અપાશે.

→ એક બાળકની નીતિ અપનાવનારને એક સંતાન બાદ નસબંધી કરાવનારને 20 વર્ષ સુધી મફત સારવાર, વીમો અને સરકારી નોકરીમાં પ્રાથમિકતા અપાશે. બાળક પુખ્ત થતા યુવાનો માટે રૂપિયા 77,000 અને યુવતી માટે રૂપિયા એક લાખની રકમ અપાશે. દીકરીને ઉચ્ચ શિક્ષણ સુધી મફત શિક્ષણ અને દીકરા માટે 20 વર્ષ સુધી મફત શિક્ષણ. આ અધિનિયમના અમલ માટે રાજ્ય પોપ્યુલેશન ફંડની પણ સ્થાપના કરવામાં આવશે.



Banking Academy

❖ **હિમાચલ પ્રદેશના કુલ્લુમાં ચીનથી લાવવામાં આવેલ 'Monk Fruit'ની ખેતી શરૂ કરવામાં આવી છે.**

→ Monk Fruit ને 'સાધુ ફળ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ફળને હિમાચલ પ્રદેશમાં ફિલ્ડ પરીક્ષણ માટે પાલમપુર સ્થિત 'વૈજ્ઞાનિક સંશોધન અને ઔદ્યોગિક ટેકનોલોજી–હિમાલિયન ઈન્સ્ટિટયૂટ ઓફ બાયો – રિસોર્સ ટેકનોલોજી' (CHIR-IHBT) દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

❖ **16 જુલાઈ, 2021ના રોજ કાયદા મંત્રાલયના ન્યાય વિભાગ દ્વારા સૂચિત આદેશ સાથે 'Common High Court of UT of Jammu & Kashmir and UT of Ladakh'નું નામ બદલીને 'જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ' રાખવામાં આવ્યું છે.**

→ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આ ફેરફાર કરવા માટે 'Jammu and Kashmir Reorganisation (Removal of Difficulties) order, 2021' પર હસ્તાક્ષર કર્યા હતા.

❖ **તાજેતરમાં વિયેતનામે, વિયેતનામ અને કર્ણાટક રાજ્ય વચ્ચે વેપાર, રોકાણ, પર્યટન, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે બેંગ્લોરમાં 'માનદ મહાવાણિજ્ય દૂત' (Honorary Consul General in India)ની નિમણૂક કરવામાં આવી છે.**

→ બેંગ્લોર સ્થિત ઉદ્યોગપતિ શ્રી એન.એસ.શ્રીનિવાસ મૂર્તિની કર્ણાટક માટે વિયેતનામના માનદ કોન્સ્યુલ જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની ભારતમાં વિયેતનામના પ્રથમ માનદ કોન્સ્યુલ જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જેમની નિમણૂંક 3 વર્ષ માટે કરવામાં આવી છે.

❖ **તાજેતરમાં આંધ્રપ્રદેશ સરકારે રાજ્ય સરકારના આંતરિક પદો અને સેવાઓમાં નિમણૂક માટે કાપુ સમુદાય અને અન્ય આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે 10% અનામત આપવાની જાહેરાત કરી છે.**

→ કાપુ સમુદાય મુખ્યત્વે આંધ્રપ્રદેશ અને તેલંગાણાની નિવાસી છે. કાપુ શબ્દનો અર્થ કિસાન અને સંરક્ષક છે.

❖ **ભારતની સૌથી મોટી ઓઈલ કંપની 'ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન' (IOC) તેલ અને ઊર્જાના શુદ્ધ સ્વરૂપોની વધતી માંગને પહોંચી વળવા તેની મથુરા રિફાઈનરી ખાતે પ્રથમ 'ગ્રીન હાઈડ્રોજન' પ્લાન્ટ સ્થાપશે.**

❖ **યુનેસ્કો દ્વારા તેના 'હિસ્ટોરિકલ અર્બન લેન્ડસ્કેપ પ્રોજેકટ' અંતર્ગત મધ્યપ્રદેશ રાજ્યના ઓરછા અને ગ્વાલિયર શહેરોની પસંદગી કરવામાં આવી છે.**

→ આ પ્રોજેકટમાં વારાણસી અને અજમેર સહિતના એશિયાના છ શહેરો સામેલ છે. ગ્વાલિયર અને ઓરછા દક્ષિણ એશિયાના સાતમા અને આઠમા શહેર તરીકે સામેલ થયા છે.

❖ **તાજેતરમાં ઉત્તરાખંડ સરકારે જાહેરાત કરી છે કે તે તેના કુદરતી સંસાધનોનું મૂલ્ય 'ગ્રોસ એન્વાયર્નમેન્ટ પ્રોડકટ' (GEP) તરીકે શરૂ કરશે.**

→ "GEP એટલે કે કુદરતી સંસાધનોમાં વધારાના આધારે સમયાંતરે પર્યાવરણની સ્થિતિનું મૂલ્યાંકન."

→ જે ઈકોલોજીકલ સ્થિતિને માપવા માટે આકારણી પ્રણાલી છે. તે ઉત્પાદન અને સેવા મૂલ્યો તરીકે લેવામાં આવે છે જે ઈકોસિસ્ટમ માનવ સુખાકારી અને આર્થિક અને સામાજિક ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે છે. જેમાં જોગવાઈ, નિયમન અને સાંસ્કૃતિક ઈકોસિસ્ટમ સેવાઓનો સમાવેશ થાય છે.

❖ **પશ્ચિમ બંગાળ સરકારે તાજેતરમાં પેગાસસ જાસૂસીની તપાસ માટે બે સભ્યોના પંચની રચના કરી છે.**

→ આ સમિતિની રચના કરનાર ભારતનું પ્રથમ રાજ્ય છે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ એમ.બી.લોકુર અને કોલકત્તા હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જ્યોતિર્મય ભટ્ટાચાર્યના બનેલા પંચની જાહેરાત કરી છે.

❖ **અરુણાચલ પ્રદેશ સરકારે IIM શિલોંગ સાથે "official think tank and knowledge partner" બનાવવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે.**

→ આ સંસ્થા અને ઈશાનની કોઈપણ રાજ્ય સરકાર વચ્ચેનો આ પ્રકારનો પહેલો કરાર છે. આ MoU હેઠળ અરુણાચલ પ્રદેશ IIM શિલોંગના ડો.એ.પી.જે.સેન્ટરને રાજ્યના official think tank and knowledge partner તરીકે માન્યતા આપશે.

→ ઈટાનગરમાં એક જ્ઞાન કેન્દ્ર પણ બનાવવામાં આવશે જે યુવાનોને ઉદ્યોગસાહસિક વિકાસ માટે તાલીમ આપશે.

❖ **કેરળ રાજ્યના સત્તાધીશોએ રાજ્યના ટ્રાન્સજેન્ડર કોલેજ વિદ્યાર્થીઓ માટે રાજ્યની યુનિવર્સિટીઓ અને તેની સાથે જોડાયેલી શાળાઓમાં ઉપલબ્ધ ઘણા શૈક્ષણિક કાર્યક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓની ઉપલી વય મર્યાદાને દૂર કરી દીધી છે.**

❖ **કેન્દ્રીય કેબિનેટે લદ્દાખમાં સેન્ટ્રલ યુનિવર્સિટીની રચના માટે મંજૂરી આપી દીધી છે.**

→ આ યુનિવર્સિટીની રચના માટે આ પ્રોજેકટની કિંમત 750 કરોડ રૂપિયા થશે.

❖ **ઓડિશા રાજ્યનું 'પુરી' શહેર 'ડ્રીંક ફ્રોમ ટોપ' સુવિધા પ્રદાન કરનાર દેશનું પહેલુ શહેર બન્યું છે.**

→ આનો અર્થ એ કે હવે શહેરમાં દરેક માટે પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ છે. નળ દ્વારા ઉપલબ્ધ આ પાણીનો ઉપયોગ રસોઈ અને પીવા માટે થઈ શકે છે.

→ તાજેતરમાં ઓડિશાના મુખ્ય પ્રધાને 'સુજલ' અથવા 'ડ્રિંક ફોર ટોપ' મિશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સાથે 'પુરી' દેશનું એવું પહેલું શહેર બન્યું છે, જેમાં 24 કલાક ગુણવત્તાયુકત પાણી આપવાની ક્ષમતા છે.

→ 'સુજલ' યોજના અંતર્ગત, કોઈપણ વ્યકિત સીધા નળમાંથી પાણી પી શકે છે અને તેને કોઈપણ પ્રકારનો સંગ્રહ અથવા ફિલ્ટરની જરૂર રહેશે નહીં.

❖ **તાજેતરમાં આસામ–મિઝોરમ સરહદ વિવાદે હિંસાનું રૂપ ધારણ કર્યું હતું.**

→ જૂનના પ્રારંભમાં મિઝોરમ–આસામ સરહદ પર બે ખાલી મકાનોને અજાણ્યા લોકોએ સળગાવી દીધા હતા. જેના કારણે આ અસ્થિર આંતર–રાજ્ય સરહદે તણાવ સર્જાયો હતો.

→ આ ઘટના બાદ જુલાઈની શરૂઆતમાં બંને પાડોશી રાજ્યો વચ્ચેનો સરહદ વિવાદ ફરી વકરી ગયો અને બંને રાજ્યોએ એકબીજા પર પોતપોતાના ક્ષેત્ર પર અતિક્રમણ કરવાનો આરોપ લગાવ્યો.

→ મિઝોરમ રાજ્યના પક્ષ અનુસાર, આસામના લોકોએ હાલના સંકટને ઉશ્કેરવા માટે 'નો મેન્સ લેન્ડ'માં સ્થિરતાનો ભંગ કર્યો છે. નોંધનીય છે કે, કેટલાક વર્ષો પહેલા, બંને રાજ્ય સરકારો વચ્ચે, 'કોઈનો પણ અધિકાર નહીંવાળું ક્ષેત્ર' એટલે કે 'નો મેન્સ લેન્ડ' પર આંતર–રાજ્ય સરહદ પર સમજૂતી થઈ હતી.

→ 1972માં મિઝોરમને આસામમાંથી અલગ કરવામાં આવ્યું અને તેને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો હતો અને 1987માં તેને સંપૂર્ણ રાજ્ય બનાવવામાં આવ્યું હતું.

→ આ વિવાદ બ્રિટિશ સમયગાળા દરમિયાન જાહેર કરાયેલ બે સૂચનાથી ઉદ્ભવે છે. પ્રથમ, વર્ષ 1875માં એક જાહેરનામું બહાર પાડયું, જે અંતર્ગત 'લુશાય હિલ્સ' ને 'કાચર (Cachar)' ના મેદાનોથી જુદા પાડયા. બીજુ, વર્ષ 1933માં જાહેર કરાયેલ જાહેરનામું, જેના દ્વારા લુશાઈ હિલ્સ અને મણિપુર વચ્ચે બાઉન્ડ્રી નક્કી કરવામાં આવી.

→ મિઝોરમ દાવો કરે છે કે જમીન 'બંગાળ ઈસ્ટર્ન ફ્રન્ટિયર રેગ્યુલેશન એક્ટ, 1873' હેઠળ 1875માં જાહેર કરાયેલા એક સૂચનાના આધારે જમીન તેની છે.

→ આસામ આ જમીનને પોતાની માને છે અને આ માટે તે લુશાય પર્વતોની સીમાંકન કરતી રાજ્ય સરકારે વર્ષ 1933 માં જાહેર કરેલી સૂચનાનો સંદર્ભ આપે છે. તેમાં જણાવાયું છે કે મણિપુરની સરહદ આસામના કાચર જિલ્લો અને મણિપુર રાજ્યના લુશાઈ હિલ્સના ત્રિકોણથી શરૂ થાય છે. મિઝો આ સીમાંકન સ્વીકારતા નથી.

→ વસાહતી સમયગાળા દરમિયાન, મિઝોરમ 'લુશાઈ હિલ્સ' તરીકે જાણીતો હતો, જે આસામનો એક જિલ્લો હતો.

❖ **મધ્યપ્રદેશ સરકારે આયુષ આધારીત આર્થિક અપગ્રેડેશન યોજના – દેવરણ્ય યોજના તૈયાર કરી છે.**

→ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓના સ્વાસ્થ્ય અને આજીવિકામાં સુધારો લાવવાનો છે.

→ રાજ્યમાં 360 થી વધુ નવા આયુષ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો સ્થાપવામાં આવશે. આર્યુવેદિક અને યુનાની દવાખાનું પણ અપગ્રેડ કરવામાં આવશે.

→ આ યોજના અંતર્ગત મધ્યપ્રદેશ સરકાર સુખાકારી પર્યટનને પ્રોત્સાહન આપશે. જે આદિજાતિ વિસ્તારોમાં રોજગારની તકો ઊભી કરશે.

❖ **યુ.એસ.એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)ની પહેલ 'ક્લીન એર કેટલિસ્ટ પ્રોગ્રામ' માટે પસંદ કરવા માટે ઈન્દોર એકમાત્ર ભારતીય શહેર બન્યું છે.**

→ ઈંદોર મ્યેનિસિપલ કોર્પોરેશન અને મધ્યપ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી શહેરની હવાને શુદ્ધ કરવા માટેનો આ પ્રોજેક્ટ પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે. ઈંદોર ભારતના સ્વચ્છ શહેર તરીકે પણ ઓળખાય છે.

❖ **તાજેતરમાં ઓડિશા સરકારે રાજ્યની કોલેજોમાં પ્રથમ વર્ષ દરમિયાન ફરજિયાત વિષય તરીકે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેનો અભ્યાસક્રમ જાહેર કર્યો છે.**

→ આ અભ્યાસક્રમોનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં વિદ્યાર્થીઓને રિકરિંગ ચક્રવાત અને કોરોના વાયરસ રોગચાળો વગેરે જેવી આપત્તિઓથી ઉદ્ભવતા પડકારોનો સામનો કરવા માટે વધુ સારી તૈયારી માટે તાલીમ આપવાનો છે.

❖ **ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તાજેતરમાં 'MyGov' 'મેરી સરકાર' પોર્ટલ શરૂ કર્યું છે.**

→ આ પોર્ટલ દ્વારા રાજ્ય સરકાર સામાન્ય લોકોનો પ્રતિસાદ મેળવી શકશે અને તેની મદદથી સામાન્ય લોકો પણ સરકારની વિવિધ યોજનાઓની માહિતી મેળવી શકશે.

## ગુજરાત

❖ **મુખ્યમંત્રીશ્રી દ્વારા ટોકયો ઓલિમ્પિકમાં પસંદ થયેલી ગુજરાતની છ દીકરીઓને રૂા. 10 લાખની નાણાકીય સહાય જાહેર કરી.**

→ ગુજરાતની આ છ દીકરીઓ જેમને આ 10 લાખની સહાય મળશે તેમાં સુશ્રી માના પટેલ (સ્વિમિંગમાં), સુશ્રી એલાવેનિલ વાલારિવન (શૂટિંગમાં), સુશ્રી અંકિતા રૈના (ટેનિસમાં) સુશ્રી સોનલ પટેલ તથા સુશ્રી ભાવિના પટેલ પેરા ટેબલટેનિસમાં અને પારૂલ પરમાર પેરા બેડમિન્ટન રમતમાં અન્ય દેશના ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઉતરશે.

❖ **તાજેતરમાં રાજકોટ AIIMS નો લોગો જાહેર કરવામાં આવ્યો હતો.**

→ આ લોગોમાં વિવિધ વિષયો એકત્ર કરી ગુજરાતની ગરીમાને જાળવવાની સાથે સંસ્કૃતિ અને કલાની ઝલક પણ જોવા મળી રહી છે. આ લોગોની ડિઝાઈન રાજકોટ AIIMS ના ડાયરેકટર શ્રી સી.ડી. કયોટના પત્નીએ તૈયાર કરી છે. આ લોગોમાં ગુજરાતની કલા અને સંસ્કૃતિની ધરોહર સહિત, દાંડીયા, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સિંહથી લઈ ગાંધીજીના ચરખા સાથે 33 જિલ્લાની ઓળખ જોવા મળે છે.

→ એઈમ્સના લોગોમાં જોવા મળતા ચિહ્નો : (1) ગીર સિંહ, (2) સ્ટેચ્યુ ઓફ યુનિટી, (3) ચરખો (રેંટિયો), (4) બાંધણીની ડિઝાઈન, (5) દાંડીયા, (6) સમુદ્ર, (7) બે સંસ્કૃત શ્લોક – 'સર્વે સન્તુ નિરોગ્ય' , 'વિદ્યા અમૃતમ શ્રુતે'

❖ **15 મી ઓગષ્ટે સ્વાતંત્રતા પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે કરવામાં આવશે.**

❖ **ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરમાં હિંડોળા પર્વનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.**

→ ડાકોર નાથને અષાઢી વદ બીજથી રંગેચંગે એક માસ સુધી વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળામાં ઝૂલાવવામાં આવે છે.

❖ **તાજેતરમાં કંડલા પ્રથમ ગ્રીન SEZ બન્યું, તેને ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) પ્લેટિનમ રેટિંગ આપવામાં આવ્યું છે.**

→ આ SEZ ને ગ્રીન માસ્ટર પ્લાનિંગ, નીતિકીય પહેલ અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રકચરના અમલીકરણ માટે IGBC પ્લેટિનમ રેટિંગ પ્રાપ્ત કરનારું પહેલુ SEZ બન્યું છે.

→ આ માન્યતા દેશના અન્ય તમામ સેઝમાં ગ્રીન પહેલ અને પ્રયત્નોને વેગ આપશે. Indian Green Building Council (IGBC) ના ગ્રીન બિલ્ડિંગ રેટિંગ પ્રોગ્રામમાં વ્યાપારી, રહેણાંક, ફેક્ટરી ઈમારતો વગેરે શામેલ છે.

→ IGBC એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સહયોગથી ગ્રીન સેઝ માર્ગદર્શિકા તૈયાર કરી છે.

❖ **ગુજરાત હાઈકોર્ટ તમામ કોર્ટોનું જીવંત પ્રસારણ શરૂ કરનારી દેશની પ્રથમ કોર્ટ બની છે.**

→ જીવંત પ્રસારણ માટે હાઈકોર્ટ માટે ઘડેલા લાઈવ સ્ટ્રીમિંગ રૂલ્સનું ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમણ દ્વારા થોડા દિવસ અગાઉ ઓનલાઈન વિમોચન કરવામાં આવ્યું હતું.

## ગુજરાત સરકાર દ્વારા તાજેતર માં જાહેર થયેલ

# PSI / ASI



**1382*** જગ્યાઓ

પ્રાથમિક પરીક્ષા + મુખ્ય પરીક્ષા તેમજ શારીરિક ક્ષમતા કસોટી ની સંપૂર્ણ તૈયારી.

**300** થી વધુ વિદ્યાર્થીઓ નું PSI / ASI કોન્સ્ટેબલ માં Selections

- કાયદો (LAW)
- Gujarati
- સામાન્ય જ્ઞાન
- English

જેવા વિષયો ની સંપૂર્ણ મટીરીયલ્સ સાથે તૈયારી



## નવા વર્ગો ટૂંક સમય માં શરૂ

આજે જ Call કરો...

**ADMISSION OPEN**

વધુ માહિતી માટે આજે જ આપની નજીક ની સંસ્થા ની **મુલાકાત** લો...

(Creating A Way For Govt. Jobs)

## Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

સુરત - HO (ઉધના)
Ph. : 70466 33255

| વરાછા (સુરત) | વલસાડ | વ્યારા | નવસારી |
|---|---|---|---|
| Ph. : 70464 16555 | Ph. : 81401 37555 | Ph. : 90998 64658 | Ph. : 70466 41555 |

## આંતરરાષ્ટ્રીય

❖ **22 જુલાઈ 2021 ના રોજ યુનાઈટેડ કિંગડમના કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ (CSG) 'HMS Queen Elizbeth' એરક્રાફ્ટ કેરિયરની આગેવાની હેઠળ ભારતીય નૌસેના સાથે બંગાળની ખાડીમાં ત્રણ દિવસીય દરિયાઈ કવાયતમાં જોડાયું છે.**

→ પ્રથમ વખત HMS કવીન એલિઝાબેથની આગેવાની હેઠળ યુનાઈટેડ કિંગ્ડમનું કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ, 2021 ભારતીય નૌકાદળ સાથેના જટીલ દરિયાઈ ક્રિયાપ્રતિક્રિયામાં સામેલ થયું છે.

→ આ કવાયતમાં બંને દેશોની સંયુકત દળોમાં 2 સબમરિન, 10 જહાજ, 20 વિમાન અને 4000 જેટલા જવાનોનો સમાવેશ કરવામાં આવશે.

❖ **તાજેતરમાં અમેરિકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન પ્રાદેશિક જોડાણ વધારવાના પ્રાથમિક ઉદ્દેશ સાથે નવું ચતુર્ભૂજ રાજદ્વારી પ્લેટફોર્મ (Quadrilateral diplomatic Platform) સ્થાપિત કરવા માટે એક સૈદ્ધાંતિક કરાર કર્યો છે.**

→ આ જૂથની ઘોષણા અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેને કરી હતી. આ નવા કવાડ જૂથબંધિનું ધ્યાન પ્રાદેશિક જોડાણ વધારવા અને અફઘાનિસ્તાન દેશ પર રહેશે.

❖ **વિશ્વની સૌથી ધનિક વ્યકિત શ્રી જૈફ બેજોસે 20 જુલાઈના રોજ પૃથ્વીથી 110 કિ.મી.ની ઊંચાઈએ ઉડાન ભરી હતી.**

→ તેઓએ 11 મિનિટના અંતરિક્ષ પ્રવાસ બાદ પૃથ્વી પર પાછા ફર્યા હતા. તેમની પોતાના કંપની બ્લૂ ઓરિજનના ન્યૂ શેફર્ડ રોકેટ દ્વારા તેમના ભાઈ માર્ક, નાસાના પૂર્વ અવકાશ યાત્રી મહિલા સુશ્રી વેલી ફંક અને ઓલિવર દાઈમેને પણ આ પ્રવાસ કર્યો હતો.

❖ **22 જુલાઈ, 2021 ના રોજ યુનાઈટેડ કિંગડમનો કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ (CSG) HMS Queen Elizabeth એરક્રાફ્ટ કેરિયરની આગેવાની હેઠળ બંગાળની ખાડીમાં ત્રણ દિવસીય દરિયાઈ કવાયતમાં ભારતીય નૌસેનામાં જોડાયું છે.**

→ પ્રથમ વખત HMS Queen Elizabeth ની આગેવાની હેઠળ યુનાઈટેડ કિંગડમનું કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ (CSG) 2021 ભારતીય નૌકાદળ સાથેનાજટિલ દરિયાઈ ક્રિયાપ્રતિક્રિયામાં સામેલ છે.

→ બે દિવસીય દ્વિપક્ષીય પેસેજ એકસરસાઈઝ (PASSEX)માં ભારતીય નૌકાદળ રોયલ નેવી સાથે સમુદ્ર, વાયુ અને ઉપ–સપાટીની દરિયાઈ કવાયત કરશે.

❖ **ચીન વિશ્વના પ્રથમ સ્વચ્છ પરમાણુ રિએકટરને સક્રિય કરશે એવી જાહેરાત કરી.**

→ ચીનના સરકારી વિજ્ઞાનિકે પ્રાયોગિક પરમાણુ રિએકટર માટેની યોજનાઓનું અનાવરણ કર્યું છે જેને ઠંડુ કરવા પાણીની જરૂર નથી. આ રિએકટર યુરેનિયમની જગ્યાએ લિકિવડ થોરિયમ પર ચાલશે અને પરંપરાગત રિએકટર કરતા સુરક્ષિત રહેવાની ધારણા છે. પીગળેલુ મીઠું જ્યારે હવાના સંપર્કમાં આવે છે ત્યારે ઝડપથી ઠંડુ થાય છે અને થોરિયમનું ઈન્સ્યુલેશન કરે છે, જેનાથી પરંપરાગત રિએકટરની લીકની તુલનામાં સંભવિત લિકમાં પર્યાવરણમાં ખૂબ ઓછું રેડિયેશન ફેલાય છે.

❖ **તાજેતરમાં ભારતીય સૈન્ય દ્વારા ઓપરેશન 'સદભાવના' શરૂ કરાયું.**

→ જે સિયાચીન બ્રિગેડ દ્વારા 24 જુલાઈ 2021 ના રોજ ત્યાક્ષી ખાતે એક મેડિકલ અને વેટરનરી કેમ્પનું આયોજન દુર્ગમ ગામોને મૂળભૂત તબીબી સહાય પૂરી પાડવા માટે કરાયું હતું.

→ નુબ્રા ખીણના જરૂરિયાતમંદ ગ્રામજનોને તબીબી સંભાળ પૂરી પાડવા માટે 'ઓપરેશન સદભાવના' હેઠળ શિબિર એક માનવતાવાદી પ્રોજેકટ હતો.

❖ **શાંઘાઈ સહકાર સંગઠન સંરક્ષણમંત્રીઓની બેઠક તજાકિસ્તાનના દુશાન્બેમાં યોજાઈ હતી.**

→ સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને સભ્ય દેશોના સંરક્ષણમંત્રીઓ તેમાં ભાગ લીધો હતો.

→ વાર્ષિક બેઠકમાં, SCOના સભ્ય દેશો વચ્ચે સંરક્ષણ સહયોગના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

→ મીટિંગની સાથોસાથ શ્રી રાજનાથસિંહે રશિયાના સંરક્ષણમંત્રી જનરલ સેર્ગી શોઈગુ સાથે મંત્રણા કરી હતી. બંને મંત્રીઓએ પુષ્ટિ આપી હતી કે બંને દેશો વચ્ચે સંરક્ષણ ભાગીદારી મજબૂત અને ટકાઉ છે. તેમણે બેલારુસના સંરક્ષણમંત્રી લેફ્ટનન્ટ જનરલ વિકટર ખેનિન સાથે પણ મુલાકાત કરી.

❖ **ફિલિપિન્સ વાવેતર માટે "ગોલ્ડન રાઈસ" ને માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો છે.**

→ ગોલ્ડન રાઈસને પહેલાથી જ અન્ય દેશોમાં ખાદ્ય સુરક્ષા મંજૂરી મળી ગઈ છે. પરંતુ ફિલિપાઈન્સ વ્યાપારી વાવેતરને મંજૂરી આપનાર પ્રથમ દેશ છે.

→ International Rice Research Institute (IRRI) ની ભાગીદારીમાં The Department of Agriculture Philippine Rice Research Institute (DA-FILARISE) દ્વારા ગોલ્ડન રાઈસનો વિકાસ કરવામાં આવ્યો છે.

→ તેમાં ઉચ્ચ સ્તરનું બીટા કેરોટીન હોય છે, જે શરીરની અંદર વિટામિન A માં ફેરવાય છે.

❖ **Hepatitis C માટે વિશ્વની પ્રથમ સસ્તી અને અસરકારક નવી દવા મલેશિયા દ્વારા નોંધવામાં આવી છે.**

→ આ નવી દવા હિપેટાઈટિસ સી થી પીડાતા વિશ્વના લાખો લોકોની સુલભ સારવારની આશા આપે છે.

❖ **અમેરિકાના સૌથી પ્રાચીન સૌર વેધશાળા, ચાન્કિવલોના 2300 વર્ષ જૂના પુરાતત્વીય ખંડેરોને યુનેસ્કોને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવામાં આવ્યો છે.**

→ ચાન્કિવલો જે ઉત્તરીય પેરુમાં રણ ખીણમાં સ્થિત છે, સાંસ્કૃતિક સ્મારકોની સૂચિમાં ઉમેરવામાં આવેલી 13 નવી વૈશ્વિક સાઈટ્સમાંની એક છે.

❖ **INS તલવાર મેરીટાઈમ એકસરસાઈઝ કટલેસ એકસપ્રેસ 2021 માં ભાગ લઈ રહ્યું છે.**

→ નૌકાદળની કવાયત 26 જુલાઈથી 6 ઓગષ્ટ 2021 સુધી આફ્રિકાના પૂર્વ કાંઠે હાથ ધરવામાં આવી હતી.

→ આ દરિયાઈ કવાયત દર વર્ષે યોજાય છે અને પશ્ચિમી હિંદ મહાસાગર અને પૂર્વ આફ્રિકામાં પ્રાદેશિક અને રાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરવામાં આવે છે.

→ કટલેસ એકસપ્રેસ 2021 ના સંસ્કરણમાં 12 પૂર્વ આફ્રિકન દેશો ભારત, યુકે, યુએસ અને United Nations Office on Drugs and Crime (UNODC), ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO), યુરોપિયન યુનિયન નેવલ ફોર્સ (EUNAVFOR) જેવા 12 આંતરરાષ્ટ્રીય સંગઠનોની ભાગીદારી શામેલ છે. આ કવાયતમાં, ભારતીય નૌકાદળ એક પ્રશિક્ષકની ભૂમિકામાં ભાગ લઈ રહી છે.


Banking Academy

- **સ્વીડને આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ (ISA) માટેના ફ્રેમવર્ક કરારને બહાલી આપી છે.**
  - → ISA એ ભારત દ્વારા શરૂ કરાયેલા 121 દેશોનું જોડાણ છે, જે સંપૂર્ણ કે આંશિક રીતે કર્કરેખા અને મકરરેખાની વચ્ચે છે.

## અર્થવ્યવસ્થા

- **તાજેતરમાં એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ વર્તમાન નાણાકીય વર્ષ માટે ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન 11% થી ઘટાડીને 10% કર્યું છે.**
  - → આ ડાઉનગ્રેડ કોરોના મહામારીની બીજી લહેરની વિપરીત અસરને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ ઉપરાંત નાણાકીય વર્ષ 2022-23 માટે વૃદ્ધિનું પૂર્વાનુમાનને 7 ટકાથી વધારીને 7.5% કર્યું છે.
- **કેન્દ્રીય કેબિનેટે ખાનગીકરણના દાયરામાં આવતી જાહેર ક્ષેત્રની ઓઈલ રિફાઈનિંગ કંપનીઓમાં વિદેશી રોકાણોની મર્યાદા વધારવાની મંજૂરી આપી છે.**
  - → જાહેર ક્ષેત્રની રિફાઈનરીઓમાં એફડીઆઈ મર્યાદાને હાલના 49% થી 100% સુધી મંજૂરી આપવાનો પ્રસ્તાવ છે.
- **યુનાઈટેડ નેશન ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા પેસિફિક (UNESCAP) દ્વારા ડિજિટલ અને ટકાઉ વેપાર સુવિધા અંગેના તાજેતરના વૈશ્વિક સર્વેમાં ભારતે 90.32 ટકા પ્રાપ્ત કર્યા છે.**
- **લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા દેશના Minority Concentration Areas – MCAs માં પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ – PMJVK લાગુ કરવામાં આવી રહ્યો છે.**
  - → કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2018માં 'મલ્ટી સેકટોરલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (MsDP) ના અસરકારક અમલીકરણ માટે તેનું નામ 'પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ' (PMJVK) રાખ્યું હતું.
  - → તેનો ઉદ્દેશ લઘુમતી સમુદાયોને વધુ સારી સામાજિક–આર્થિક માળખાગત સુવિધાઓ પ્રદાન કરવાનો છે.
  - → 'પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ' હેઠળ, 80% સંસાધનો શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ સંબંધિત પ્રોજેકટ્સ માટે રાખવામાં આવ્યા છે. કાર્યક્રમ અંતર્ગત 33% થી 40% સંસાધનો ફકત મહિલા કેન્દ્રિત પ્રોજેકટ માટે ફાળવવામાં આવશે.
- **ભારત સરકારે રાષ્ટ્રીય ખેડૂત ડેટાબેઝ સ્થાપવાની યોજના જાહેર કરી છે.**
  - → આ ડેટાબેઝમાં દેશના ડિજિટાઈઝ્ડ લેન્ડ રેકોર્ડ્સનો સમાવેશ કરવામાં આવશે અને સાર્વત્રિક એકસેસ માટેની ઓનલાઈન સિંગલ સાઈન–ઓન સુવિધાઓમાં સહાયતા મળશે અને હવામાન વિશે માહિતી, ડાયરેકટ બેનિફીટ ટ્રાન્સફર અને ખેડૂતોને વીમા સુવિધાઓ વિશેની માહિતી વગેરેમાં મદદ મળશે.
  - → ભારતના કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે 27 જુલાઈએ લોકસભામાં ખેડૂતો માટે આ ડેટાબેઝની જાહેરાત કરી હતી. આ ડેટાબેઝ દ્વારા, ખેડૂતો વિવિધ વ્યકિતગત સેવાઓ જેવી કે માટી અને છોડની આરોગ્ય સલાહ, ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર, સિંચાઈ સુવિધાઓ, અવિરત ધિરાણ અને વીમા સુવિધાઓ, હવામાનશાસ્ત્રની સલાહ, બીજ, જંતુનાશક, ખાતરો, પીઅરટુ પીઅર ધિરાણની માહિતી મેળવી શકે છે.
- **RBIની જાહેરાત અનુસાર માર્ચ 2021ના પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન ડિજિટલ પેમેન્ટમાં 30.19%નો વધારો થયો.**
  - → નવગઠિત ડિજિટલ પેમેન્ટ્સ (Digital Payment Index – RBI-DPI) એ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે માર્ચ 2021 ના અંતમાં, ઈન્ડેક્સ પાછલા વર્ષના 207.84 ની તુલનાએ 270.59 પર પહોંચી ગયો છે.
  - → RBI-DPIના માપદંડો : Payment Enablers (25%), Payment Infrastructure – Demand-side Factors (10%), Payment Infrastructure – Supply-side Factor (15%), Pay performance (45%), Consumer centricity (5%)
- **આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ નાણાકીય વર્ષ 2022 માટે ભારતની આર્થિક વૃદ્ધિની આગાહી 12.5 ટકાથી ઘટાડીને 9.5 ટકા કરી દીધી છે.**
  - → જો કે, IMF એ 2023 માં ભારતની અર્થવ્યવસ્થા 8.5 ટકાના વિકાસની ધારણા કરી છે. નાણાકીય વર્ષ 2021 માટે વૈશ્વિક વિકાસની આગાહી 6% પર યથાવત રહી છે. તેણે 2022 માં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં 9.9 ટકાનો વિકાસ થવાનો અંદાજ મૂકયો છે.
- **ઓફિસ ઓફ નેશનલ સ્ટેટિસ્ટિકસ દ્વારા હાથ ધરવામાં આવેલા પિરિઓડિક લેબર ફોર્સ સર્વે (PLFS) અનુસાર મહિલાઓ માટે બેરોજગારીનો દર 2019-20 માં 5.1% થી ઘટીને 4.2% થયો છે.**
  - → PLFS અનુસાર 2019-20 માટે મનરેગા હેઠળ મહિલાઓનો હિસ્સો વધીને 207 કરોડ વ્યકિત–દિવસ વધ્યો છે. 2019-20માં મહિલાઓ માટે લેબર ફોર્સ પાર્ટીસિપેશન રેટ (LFPR) 24.5% થી વધીને 30% થયો છે.
  - → મહિલાઓના રોજગારને પ્રોત્સાહિત કરવા માટે સરકારે અનેક પહેલ શરૂ કરી છે. લગભગ 1.2 કરોડ મહિલાઓને પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY)નો લાભ મળ્યો છે.
  - → નવી રોજગાર સર્જન માટે પ્રોત્સાહિત કરવા સરકારે આત્મનિર્ભર ભારત રોજગાર યોજના (ABRY) શરૂ કરી.
- **નાઈજીરીયા તેની પોતાની ક્રિપ્ટોકરન્સી લોન્ચ કરવાની યોજના બનાવી છે, જેને "ઈ–નાયરા" કહેવામાં આવે છે, જેને ઓકટોબર 2021 માં શરૂ કરવામાં આવશે.**
- **સ્ટાર્ટઅપ બ્લન્કે તાજેતરમાં ગ્લોબલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઈન્ડેક્ષ–2021 જાહેર કર્યો હતો. જે પર્યાવરણના અધારે દેશો અને શહેરોને રેન્ક આપે છે.**
  - → આ મુજબ ભારત 8.833ના સ્કોર સાથે 100 દેશોમાં 20માં સ્થાને રહ્યું હતું. પ્રથમ ક્રમે અમેરિકા છે.
  - → સર્વોચ્ચ રેનક ધરાવતા ભારતના શહેરોમાં બેંગલુરુ 10માં ક્રમે હતું.

Banking Academy

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી તથા કેન્દ્રીય ઈલેક્ટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી મંત્રી દ્વારા 'કિસાન સારથી' પ્લેટફોર્મની શરૂઆત કરી છે.**

→ ખેડૂતોને તેમની ઈચ્છિત ભાષામાં 'યોગ્ય સમયે યોગ્ય માહિતી' મેળવવામાં સુવિધા પ્રદાન કરતું એક ડિજિટલ પ્લેટફોર્મ છે.

→ તે ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકો સાથે કૃષિ અને તેના સંબંધિત વિષયો પર સીધો સંપર્ક કરવામાં એપ વ્યકિતગત સલાહ મેળવવા માટે મદદ કરશે અને ખેડૂત ખેતીની નવી પદ્ધતિઓ પણ શીખી શકે છે.

❖ **તાજેતરમાં DRDO એ નવી પેઢીની 'આકાશ મિસાઈલ' (AKASH-NG) અને 'MPATGM' મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.**

→ આ મિસાઈલ સપાટી (જમીન)થી હવામાં પ્રહાર કરનાર મિસાઈલ છે. જે અપડેટ આવૃત્તિ છે. આ મિસાઈલની રેન્જ 60 થી 70 કિ.મી.ની છે.

→ હૈદરાબાદ સ્થિત 'સંરક્ષણ સંશોધન અને વિકાસ પ્રયોગશાળા' (DRDL) અને DRDOની પ્રયોગશાળાના સહયોગથી આ મિસાઈલ સિસ્ટમ વિકસાવી છે.

→ તેનું નિર્માણ 'ભારત ઈલેક્ટ્રોનિકસ લિમિટેડ' (BEL) અને 'ભારત ડાયનેમિકસ લિમિટેડ' (BDL) દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુદ્ધ ટેન્ક અથવા ટ્રકોથી લોન્ચ કરી શકાય છે. આ મિસાઈલનું સંચાલન સ્વદેશી રીતે વિકસિત રડાર 'રાજેન્દ્ર' દ્વારા કરવામાં આવે છે.

→ **'મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ'** (MPATGM)એ સ્વદેશી નિર્મિત એન્ટી ટેન્ક ગાઈડ મિસાઈલ છે.

→ એન્ટિ–ટેન્ક ગાઈડ મિસાઈલ એ એક મધ્યમ અથવા લાંબા અંતરની મિસાઈલ છે, જેનો મુખ્ય ઉદ્દેશ ટેન્ક અને અન્ય સશસ્ત્ર વાહનોનો નાશ કરવાનો છે. તે 'Fire and Forget' પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે. તેને 15 કિલોગ્રામથી ઓછા વજનની સાથે 2.5 કિ.મી.ની મહત્તમ રેન્જમાં લોન્ચ કરવામાં આવી છે. આ મિસાઈલ અત્યાધુનિક ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકર અને એડવાન્સ્ડ એવિઓનિકસથી સજ્જ છે.

❖ **તાજેતરમાં ઈસરોનો merchandiser program 8 કંપનીઓની સાથે ભાગીદારીમાં શરૂ કરાયો.**

→ આ કાર્યક્રમના પ્રારંભ પછી, રુચિ ધરાવતા લોકો ઈસરોના વેપારી ઉત્પાદનોની ખરીદી કરી શકશે જે વિવિધ અવકાશ મિશન અને કાર્યોના સંગઠનો સાથે સંકળાયેલા છે.

→ ટી–શર્ટ્સ, સ્કેલ મોડેલો, સ્પેસ–થીમ આધારિત શૈક્ષણિક રમતો, મગ, વિજ્ઞાનના રમકડાં વગેરે જેવા ઉત્પાદનો પ્રદાન કરવામાં આવશે.

→ આ કાર્યક્રમ અંતર્ગત, ઈસરો સામાન્ય વ્યવસ્થાના ચિત્રો, થીમ્સ અથવા અન્ય કોઈ ડિઝાઈન શેર કરશે જે આ નોંધાયેલ કંપનીઓને પ્રોડકટ લોન્ચ કરવામાં મદદ કરશે. ઈસરોની કેટલોગ સમયાંતરે અપડેટ કરવામાં આવશે. અને આ કંપનીઓને ઉપલબ્ધ કરવામાં આવશે.

❖ **ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા સોહરા (ચેરાપુંજી)માં ગ્રીન સોહરા વનીકરણ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.**

→ આ અભિયાન માટે આપવામાં આવેલ સૂત્ર "એવરગ્રીન નોર્થઈસ્ટ" હતું, જેમાં વૃક્ષારોપણ અને વનીકરણના મહત્વને દર્શાવવામાં આવ્યું હતું. આ અભિયાન આસામ રાઈફલ્સ અને મેઘાલય રાજ્ય સરકાર ચલાવશે.

→ આ સિવાય અમિત શાહે મેઘાલયમાં ગ્રેટર સોહરા પાણી પુરવઠા યોજનાનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.

❖ **સ્પેસએકસ અને નાસાએ ગુરુના ચંદ્ર 'યુરોપા' પર મિશન શરૂ કરવાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.**

→ યુરોપા કિલપર મિશનને ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી ઓકટોબર 2024 માં ફાલ્કન હેવી રોકેટ પરથી લોન્ચ કરશે.

❖ **IIT કાનપુર દ્વારા ઈન્ટ્રુઝન ડિટેકશન સિસ્ટમ, એન્ટી ડ્રોન ટેકનોલોજી, સાયબર સિકયુરિટી સિસ્ટમ માટેના સાયબર સિકયુરિટી સોલ્યુશન્સ શોધવા ટેકનોલોજી ઈનોવેશન હબની શરૂઆત કરવામાં આવી હતી.**

→ IIT કાનપુરના C3i Hub દ્વારા સમર્પિત આ સ્ટાર્ટ–અપ સાયબર સિકયુરિટી, વિકાસશીલ સેવાઓ અને ઉત્પાદનો પર અનેક નવીનતાઓ લાવશે અને ડિઝાઈનો પર ધ્યાન કેન્દ્રિત કરશે જેનો ઉપયોગ ભારતના નિર્ણાયક માળખાગત સુરક્ષા માટે કરવામાં આવશે.

❖ **યુએસ સ્પેસ એજન્સીના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં પૃથ્વીની નજીક એક મોટો એસ્ટરોઈડ પસાર થઈ જશે.**

→ '2008 GO20' નામના આ નજીક પૃથ્વી એસ્ટેરોઈડની લંબાઈ લગભગ 200 મીટર છે, જે ફૂટબોલના મેદાન કરતા પણ મોટી છે.

→ નાસાના અંદાજ મુજબ, તે પ્રતિ સેકન્ડ 8.2 કિલોમીટરની ઝડપે પૃથ્વીની નજીકથી પસાર થશે અને પૃથ્વીથી આશરે ત્રણથી ચાર મિલિયન કિલોમીટર દૂર હશે.

❖ **Geological Survey of India – GSI એ સરકારની ઊર્જા સુરક્ષા યોજનાઓના ભાગ રૂપે આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, રાજસ્થાન અને જમ્મુ કાશ્મીર રાજ્યોમાં સાત લિથિયમ સંશોધન પ્રોજેકટ શરૂ કર્યો છે.**

→ રાજસ્થાન અને કર્ણાટક રાજ્યોમાં લિથિયમ અન્વેષણ ATOMIC MINERALS DIRECTORATE FOR EXPLORATION AND RESEARCH (AMDER) દ્વારા કરવામાં આવ્યું છે જે અણુ ઊર્જા વિભાગ (DAE)ના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.

→ ભારત સરકારે દેશમાં ઈ–ગતિશીલતાને પ્રોત્સાહન આપવા માટે લિથિયમ–આયન કોષોનું ઉત્પાદન કરવાના પ્રાથમિક ઉદ્દેશ સાથે રૂ. 18,100 કરોડની પ્રોડકશન–લિંકડ પ્રોત્સાહન (પી.એલ.આઈ.) યોજનાની જાહેરાત કરી છે.

❖ **ભારતીય વાયુસેનાએ 28 જુલાઈ, 2021 ના રોજ પશ્ચિમ બંગાળના હાસિમારા એરફોર્સ સ્ટેશન પર ઈસ્ટર્ન એર કમાન્ડના 101 સ્કવોડ્રનમાં ઔપચારિક રીતે રાફેલ વિમાનને શામેલ કર્યું.**

→ 101 સ્કવોડ્રન એ આઈએએફનો બીજો સ્કવોડ્રન છે જે રાફેલ ફાઈટર જેટથી સજ્જ છે. સપ્ટેમ્બર 2020માં રાફેલ વિમાનને 17 "ગોલ્ડન એરો" સ્કવોડ્રોનમાં સામેલ કરવામાં આવ્યું.

❖ **કોલકાતાના ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER)માં IIT ખડગપુરના સહયોગથી કાર્યરત સંશોધનકારોએ સ્વ–રિપેરિંગ પાઈઝોઈલેકિટ્રક મોલેકયુલર સ્ફટીકો વિકસાવી છે.**

→ આ સ્ફટીકોને બાયપ્રેઝોલ ઓર્ગેનિક સ્ફટીકો કહેવામાં આવે છે. Bipyrazole Organic સ્ફટીકનો ઉપયોગ જ્યારે યાંત્રિક પ્રભાવ પડે ત્યારે પીઝોઈલેક્ટ્રિક સ્ફટીકો વીજળી ઉત્પન્ન કરે છે. યાંત્રિક નુકસાનને લીધે, દૈનિક વપરાશનાં ઉપકરણો હંમેશાં ખરાબ થઈ જાય છે. વપરાશકર્તાઓને કાં તો તેને બદલવા

અથવા સુધારવા માટે મજબૂર થવું પડે છે. આમ, ઉપકરણોનું જીવન ઓછું થાય છે અને જાળવણીનો ખર્ચ વધે છે. તેથી, આ પરિબળોને ધ્યાનમાં લેતા, વૈજ્ઞાનિકોએ પીઝોઈલેક્ટ્રિક પરમાણુઓ વિકસાવી છે. આ સામગ્રીનો ઉપયોગ વિવિધ ઉચ્ચ–અંતિમ માઈક્રો–ચિપ્સ, એક્ટયુએટર્સ, ઉચ્ચ–ચોકસાઈવાળા મિકેનિક સેન્સર, માઈક્રો–રોબોટિક્સ, વગેરેમાં થઈ શકે છે.

❖ **ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર કાર્યાલયે તાજેતરમાં 'કિસાનમિત્ર' પહેલ અંતર્ગત 'આત્મનિર્ભર કૃષિ એપ' લોન્ચ કરી.**

→ આ એપનો ઉદ્દેશ ખેડૂતોને કાર્યવાહી યોગ્ય કૃષિ અંતર્દષ્ટિથી સજ્જ કરવાનો અને પ્રારંભિક હવામાન સંબંધી એલર્ટ પ્રદાન કરવાનો છે.

→ આ એપની ડિઝાઈન અને નિર્માણ ટેક મહિન્દ્રા સંશોધન અને વિકાસ શાખા ટેક મહિન્દ્રા મેકર્સ લેબ ટીમ દ્વારા કરવામાં આવી છે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **તાજેતરમાં કોપા અમેરિકા કપ 2021નું આયોજન 13 જૂન થી 10 જુલાઈ 2021 દરમિયાન બ્રાઝિલ ખાતે કરવામાં આવ્યું હતું.**

→ કોપા અમેરિકા–2021 ની ફાઈનલ મેચ બ્રાઝિલ અને અર્જેન્ટિના વચ્ચે યોજાય હતી. આ ફાઈનલ મેચમાં બ્રાઝિલને 1 – 0 થી પરાજય આપી આર્જેન્ટિના ચેમ્પિયન બન્યું છે.

→ આર્જેન્ટિનાએ કોપા અમેરિકા કપ 15મી વખત જીતીને ઉરૂગ્વેના રેકોર્ડની બરાબરી કરી છે. કોપા અમેરિકા કપ 2021 ની ફાઈનલ મેચ બ્રાઝિલના રિયો ડી જાનેરોના મારાકાના સ્ટેડિયમમાં યોજાય હતી.

→ કોપા અમેરિકા કપ 2021 માં 'શ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ' શ્રી લિયોનેલ મેસ્સિને એનાયત થયો હતો. ટોપ સ્કોરર (અથવા ગોલ્ડન બુટ)નો એવોર્ડ શ્રી લિયોનલ મેસ્સિ (આર્જેન્ટિના) અને શ્રી લુઈસ ડિયાઝને એનાયત થયો હતો. બંને એ આ ટૂર્નામેન્ટમાં 4 ગોલ કર્યા હતા.

→ શ્રેષ્ઠ ગોલકિપર એવોર્ડ એમિલિઆનો માર્ટીનેઝને એનાયત થયો છે. જ્યારે ફેર પ્લે એવોર્ડ બ્રાઝિલને એનાયત થયો છે.

❖ **તાજેતરમાં બેડમિન્ટન વૈશ્વિક સંચાલક મંડળ 'વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન'એ જાહેરાત કરી હતી કે વર્ષ 2026માં વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપનું આયોજન ભારત કરશે.**

→ આ પહેલા વર્ષ 2009માં 'વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ'નું આયોજન ભારતમાં હૈદરાબાદ ખાતે થયું હતું.

❖ **તાજેતરમાં ગૂગલે એનિમેટેડ ડૂડલ દ્વારા ભારતના પ્રથમ પ્રશિક્ષિત મહિલા ડોકટર સુશ્રી કાદમ્બિની ગાંગુલીને તેમના 160માં જન્મ દિવસ પર શ્રદ્ધાંજલી આપી હતી.**

→ સુશ્રી કાદમ્બિની ગાંગુલી કલકત્તા મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર પ્રથમ મહિલા હતા.

❖ **સુશ્રી મીરાભાઈ ચાનુએ ટોકયો ઓલિમ્પિકમાં વેઈટ લિફિટંગમાં ભારતનો પ્રથમ સિલ્વર મેડલ (રજત પદક) જીતીને ઈતિહાસ રચ્યો.**

→ તેમણે 49 કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો છે. આ ઈવેન્ટમાં ચીનના હો ઝિહુઈએ ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે બ્રોન્ઝ મેડલ ઈન્ડોનેશિયાના ખેલાડીએ જીત્યો હતો.

→ સુશ્રી મીરાબાઈ ચાનુ ભારતીય વેઈટ લિફટર ખેલાડી છે. તેમનો જન્મ 8 ઓગષ્ટ, 1994ના રોજ મણિપુરના ઈમ્ફાલ ખાતે થયો હતો. સુશ્રી મીરાબાઈ ચાનુને ભારત સરકાર દ્વારા રાજીવગાંધી ખેલરત્ન અને પદ્મશ્રી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

❖ **ટોકયો ઓલિમ્પિકસમાં ચાર નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.**

→ આ ચાર રમતો મુખ્યત્વે કરાટે, સ્કેટબોર્ડિંગ, સર્ફિંગ અને સપોર્ટ કલાઈમ્બીંગ છે.

❖ **યુવા બાબતો અને રમતગમત મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે આજે ઘણા સાંસદો સાથે ટોકયો ઓલિમ્પિકસમાં ભાગ લેનારા ભારતીય રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે 'હમારા વિકટરી પંચ' અભિયાન શરૂ કર્યુ.**

❖ **ભારતીય કુસ્તીબાજોએ કેડેટ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં જીત હાંસિલ કરી છે.**

→ ભારતીય રેસલર્સ પ્રિયા અને તન્નુએ 22 જુલાઈ, 2021 ના રોજ કેડેટ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મેડલ જીત્યા છે.

→ તન્નુએ 43 કિલોગ્રામ ટાઈટલ જીત્યું જ્યારે પ્રિયાએ 73 કિલોગ્રામ કેટેગરીમાં બેલારુસની ફેસેનિયા પટાપોવિચને 5-0થી હરાવીને ટાઈટલ જીત્યું હતું.

→ પુરૂષોની ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં સાગર જગલાન (80 કિગ્રા) અને અમન ગુલિયા (48 કિગ્રા) એ ખિતાબ જીત્યા અને આનાથી ભારતીય ટીમને ટીમ ચેમ્પિયનશિપનો ખિતાબ મળ્યો, જે ભારત પ્રથમ વખત જીત્યું.

❖ **તાજેતરમાં સંયુકત રાષ્ટ્રના ભૂતપૂર્વ સેક્રેટરી જનરલ બાન કી મૂન ફરી એકવાર 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ'ના 'એથિકસ કમિશન'ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.**

→ દક્ષિણ કોરિયન રાજકારણી અને રાજદ્વારી 'બાન કી મૂન' વર્ષ 2017 થી 'એથિકસ કમિશન' ના અધ્યક્ષ છે અને હવે તે આગામી ચાર વર્ષ માટે આ પદ સંભાળશે.

→ બાન કી મૂન સંયુકત રાષ્ટ્રના આઠમા મહાસચિવ જનરલ હતા.

❖ **સુમિત નાગલ ઓલિમ્પિક ગેમમાં પુરુષ સિંગલ્સ મેચ જીતનાર ત્રીજો ભારતીય ટેનિસ ખેલાડી બન્યો છે.**

→ તે 25 વર્ષમાં ભારત માટે જીતનાર પ્રથમ ખેલાડી બન્યો છે. આ મેચમાં તેણે ડેનિસ ઈસ્તોમિનને હરાવ્યો હતો.

→ નાગલે ઈસ્ટોમિનને 6-4, 6-7(6), 6-4 થી પરાજિત કર્યો હતો. આ મેચ બે કલાક અને 34 મિનિટનો સમય લીધો અને એરિયાક ટેનિસ સેન્ટરખાતે યોજાય હતી.

→ હવે પછીના રાઉન્ડમાં તેનો મુકાબલો ડેનીલ મેદવેદેવ સાથે થશે જે વિશ્વના બીજા ક્રમે છે.

❖ **તાજેતરમાં બસવરાજ બોમ્માઈની કર્ણાટકના 23મા મુખ્યમંત્રી તરીકે પસંદગી કરવામાં આવી છે અને તેઓ 28 જુલાઈ, 2021 ના રોજ શપથ લીધા.**

→ તેઓ બી.એસ.યેદિયુરપ્પા જેમણે સોમવારે આ પદ પરથી રાજીનામું આપ્યું હતું તેનું સ્થાન લેશે.

→ તેમના પિતા એસ.આર.બોમ્માઈ પણ કર્ણાટકના મુખ્યમંત્રી રહી ચૂકયા છે.

❖ **સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ના અધિકારી રાકેશ અસ્થાનાને દિલ્હીના નવા પોલીસ કમિશનર તરીકે નિમવામાં આવ્યા છે.**

→ રાકેશ અસ્થાના અગાઉ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો અને નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યૂરોના વડા હતા.

→ દિલ્હી પોલીસ કમિશનર બનવા માટે AGMUT કેડરની બહારના કેટલાક અધિકારીઓમાં તે એક છે.

❖ **જાણીતા બેડમિન્ટન ખેલાડી નંદકુમાર મહાદેવ નાટેકરનું તાજેતરમાં પૂણેમાં અવસાન થયું છે.**

→ નાટેકર 1956માં આંતરરાષ્ટ્રીય ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બેડમિન્ટન ખેલાડી હતા અને અર્જુન એવોર્ડ મેળવનાર તે પ્રથમ ભારતીય ખેલ ખેલાડી પણ હતા.

❖ **રેલવેએ તેના રમતવીરો અને ટોકયો ઓલિમ્પિકસમાં ભાગ લેનારા અધિકારીઓ માટે વિશેષ રોકડ ઈનામની જાહેરાત કરી છે.**

→ જેમાં સુવર્ણચંદ્રક વિજેતા માટે 3 કરોડ, રજત પદક વિજેતા માટે 2 કરોડ અને કાંસ્ય પદક વિજેતા માટે 1 કરોડનો સમાવેશ થાય છે.

❖ **પેરા શટલર પ્રમોદ ભગતને વર્ષ 2019 માટે ભારતીય રમત સન્માનમાં 'દિવ્યાંગ સ્પોર્ટસમેન ઓફ ધ યર' તરીકે નામ આપવામાં આવ્યું હતું.**

→ RPSG ગ્રુપ દ્વારા વિરાટ કોહલી ફાઉન્ડેશનના સહયોગથી ભારતીય સ્પોર્ટ્સ ઓનર એવોર્ડ આપવામાં આવે છે.

❖ **તાજેતરમાં અશોક લવાસાએ 'અનઓર્ડિનરી લાઈફ પોર્ટ્રેટ ઓફ ઈન્ડિયન જનરેશન' નામનું એક નવું પુસ્તક બહાર પાડયું છે.**

→ એશિયન વિકાસ બેંકના વાઈસ ચેરમેન બનવા માટે અશોક લવાસાએ 2020 માં ચૂંટણી કમિશનર પદ પરથી રાજીનામું આપ્યું હતું.

❖ **ભારતીય જુનિયર કુસ્તીબાજ પ્રિયા મલિકે જુલાઈ 2021માં હંગેરીના બુડાપેસ્ટમાં યોજાયેલી કેટેડ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં 73 કિગ્રા વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.**

→ CWC એ એક ટુર્નામેન્ટ છે જ્યાં 17 વર્ષથી ઓછી વયના વિશ્વના શ્રેષ્ઠ ગ્રીકો–રોમન, ફ્રી સ્ટાઈલ અને સ્ત્રી રેસલર્સ સ્પર્ધા કરે છે.

## એવોર્ડ, પુરસ્કાર

❖ **ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2020 ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર માટે પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી મધુસુદન ઠાકરની પસંદગી કરવામાં આવી છે.**

→ નવલકથાઓ : ચહેરા, કામિની, કલ્પતરુ, 'સુરા, સુરા, સુરા', સાપબાજી

→ વાર્તાસંગ્રહો : બાંશી નામની એક છોકરી, કાલસર્પ, રુપકથા

→ એકાંકી : અશ્વત્થામા, કાન્તા કહે છે.

→ નાટકો : કુમારની અગાશી, પાનકોર નાકે જઈ

→ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી એમ કુલ 6 ભાષામાં મહત્વનું પ્રદાન કરનાર મૂર્ધન્ય સાહિત્યકારોને 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવે છે.

→ આ પુરસ્કાર અંતર્ગત વિજેતા સાહિત્યકારને એક પ્રતિમા, શાલ અને રૂ. 1 લાખ રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે.

→ વર્ષ 1983માં સૌપ્રથમ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

→ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કારની સાથે 2019 અને 2020ના 'યુવા ગૌરવ પુરસ્કાર'ના નામો પણ જાહેર કરવામાં આવ્યા છે.

→ વર્ષ 2019નો 'યુવા ગૌરવ પુરસ્કાર' શ્રી પ્રશાંત પટેલને એનાયત કરવામાં આવશે. તથા વર્ષ 2020નો 'યુવા ગૌરવ પુરસ્કાર' સુશ્રી રીંકુબેન રાઠોડને એનાયત કરવામાં આવશે. સુશ્રી રીંકુબેન રાઠોડ દાહોદ જિલ્લાના નવાગામ (બોરડી)ના વતની છે. અત્યાર સુધીમાં તેમના બે ગઝલ સંગ્રહ અને બે પુસ્તકો પણ પ્રકાશિત થઈ ચૂકયા છે.

→ યુવા ગૌરવ પુરસ્કાર 'ગુજરાતી સાહિત્ય અકાદમી' દ્વારા ગુજરાતી લેખકોને અપાતો સાહિત્યનો પુરસ્કાર છે. આ પુરસ્કારની સ્થાપના વર્ષ 2007માં યુવાન ગુજરાતી લેખકોને પ્રોત્સાહન આપવા માટે થઈ હતી. યુવા ગૌરવ પુરસ્કારમાં પ્રમાણપત્ર, શાલ અને રૂ.50,000 ની રોકડ એનાયત કરવામાં આવે છે. સંસ્કૃત સાહિત્યનો 2020 નો યુવા ગૌરવ પુરસ્કાર સુશ્રી રાજવી ઓઝાને એનાયત થયો છે.

❖ **બે ભારતીય સંગઠનોએ આબોહવા પરિવર્તન અને જૈવિવિધતાના નુકસાનને પહોંચી વળવા અને તેમના સ્થાનિક વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટેના નવીન, સ્થાનિક અને વિવિધ પ્રકૃતિ આધારિત ઉકેલોનું પ્રદર્શન કરવામાં તેમની અસાધારણ સિદ્ધિ માટે આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો છે.**

→ સ્નેહકુંજા ટ્રસ્ટ અને અધિમાલાઈ પાઝંગડીયનાર પ્રોડયુસર કંપની લિમિટેડ નામના બે ભારતીય સંગઠનોને UNDP Equator Prize – 2021 જીત્યું.

❖ **કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ, 2021માં 'ટાઈટન' (Titan) ફિલ્મએ 'પાલ્મે ડી ઓર' (Palme d'or) એવોર્ડ જીત્યો છે.**

→ ફિલ્મ ટાઈટનની ફ્રેન્ચ દિગદર્શક સુશ્રી જુલિયા ડુકરોન 28 વર્ષમાં કાન્સ ફેસ્ટિવલમાં 'પાલ્મે ડી ઓર' પુરસ્કાર જીતનાર પ્રથમ મહિલા દિગદર્શક બન્યા છે.

❖ **તાજેતરમાં ભારતના બે સંગઠનો આધીમલાઈ પમંગુડિયિનર પ્રોડયુસર કપંની લિ. અને સ્નેહકુંજ ટ્રસ્ટે વર્ષ 2021નું UNDPનું ઈકવેટર પ્રાઈઝ જીત્યું.**

## મહત્વના દિવસો

- **3 જુલાઈ, 2021 : આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ**
  – થીમ : રીબિલ્ડ બેટર ટુગેધર
  – દર વર્ષે જુલાઈના પહેલા શનિવારે આંતરરાષ્ટ્રીય સહકારી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- **11 જુલાઈ, 2021 : વિશ્વ વસ્તી દિવસ**
  – "Right and Choices are the answer : Whether baby boom or bust, The Solution to shifting Fertility rates lies in Prioritizing the Reproductive Health and right of all People" છે.
- **15 જુલાઈ, 2021 : વિશ્વ યુવા કૌશલ દિવસ**
  – 'Reimagining Youth Skills Post-Pandamic'
- **17 જુલાઈ, 2021 : આંતરરાષ્ટ્રીય અપરાધી ન્યાય દિવસ**
- **18 જુલાઈ, 2021 : નેશનલ મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ**
  – થીમ : વન હેન્ડ કેન ફીડ અનધર
- **19 જુલાઈ, 2021 : બેન્ક રાષ્ટ્રીયકરણ દિવસ**
- **22 જુલાઈ, 2021 : વિશ્વ મસ્તિક દિવસ**
- **23 જુલાઈ, 2021 : રાષ્ટ્રીય પ્રસારણ દિવસ**
- **24 જુલાઈ, 2021 : 'આવકવેરા દિવસ'**
- **26 જુલાઈ, 2021 : કારગિલ વિજય દિવસ**
- **28 જુલાઈ, 2021 : વર્લ્ડ હેપેટાઈટિસ ડે**
  થીમ : Hepatitis can't wait
- **28 જુલાઈ, 2021 : વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ**
  થીમ : Forests and Livehoods : Sustaining People and Planet
- **29 જુલાઈ, 2021 : વર્લ્ડ ટાઈગર ડે**
  થીમ : "Their Survival is in our hands"

Banking Academy